પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષઃ૨૫, અંકઃ૪૧, કુલ પાનાંઃ૪, તારીખઃ ૦૯-૧૦-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 41 PRICE :-RS. 1.50 DATE : 09-10-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

# અરબી સમુદ્રમાં ભેજનું પ્રમાણ વધુ હોવાથી ગુજરાતમાં વરસાદની શક્યતા



સૌરાષ્ટ્ર,

ચાલુ વર્ષે ઓગસ્ટ મહિનામ વરસાદે વિરામ લીધો હતો. ત્યારે એવું લાગી રહ્યું હતું કે, રાજ્યમાં પાણીની અછત થશે પણ સપ્ટેમ્બર મહિનામાં મેઘરાજાએ મહેર વરસાવી હતી. સપ્ટેમ્બરમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીને લઈને રાજ્યના કેટલીક જગ્યા પર પૂર જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છમાં સરેરાશ કરતા ૨૪% વરસાદ વધારે પડ્યો છે. તો બીજી તરફ રાજ્યમાં ૧૫% મહત્તમ વરસાદની ઘટ છે. ઓગસ્ટ મહિનામાં વરસાદ ખેંચાયો હોવાના કારણે રાજ્યમાં ૪૫% વરસાદની ઘટ દેખાઈ રહી હતી. પણ સપ્ટેમ્બરમાં વરસેલા સારા વરસાદે આ ઘટ પૂરી દીધી છે. હાલ રાજ્યના મોટા ભાગના ડેમો, તળાવો અને નદીઓ પાણીથી છલકાઈ ગયા છે. તેથી હવે રાજ્ય પર મેઘરાજાની મહેરબાનીથી જળસંકટ ટળ્યુ છે. રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા ચોમાસાની વિદાયને લઈને આગાહી કરવામાં આવી હતી. આગામી પથી ૬ દિવસ સુધી રાજ્ય પર વરસાદનું સંકટ ન હોવાનું જણાવ્યું હતું પરંતુ અરબી સમુદ્રમાં ભેજનું પ્રમાણ વધુ હોવાથી નવરાત્રિના પ્રથમ દિવસે જ અમદાવાદ સહિતના કેટલાક વિસ્તારોમાં મેઘરાજાએ ખેલૈયાઓની મજા બગાડી હતી. અમદાવાદમાં પ્રથમ નોરતે વરસાદ પડતાં ઠેર-ઠેર જગ્યા પર ગરબા માટે બનાવવામાં આવેલા મંડપના ભીના ગયા હતા. રાજ્યના હવામાન વિભાગની આગાહી અનુસાર કચ્છ અને ઉત્તર ગુજરાતમાંથી ચોમાસાએ વિદાય લીધી પરંતુ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હજુ પણ છૂટાછવાયા વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે, નવરાત્રીના અંતમાં ચોમાસુ ગુજરાતમાંથી વિદાય તરફ આગળ વધશે. મહત્ત્વની વાત છે, તે ૧૭ સપ્ટેમ્બર બાદ રાજ્યમાંથી ચોમાસાની વિદાય શરૂ થઈ જાય છે પરંતુ આ વર્ષે ઓક્ટોબરના બીજા સપ્તાહથી ચોમાસુ વિદાય લઈ રહ્યું છે. હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, ઓક્ટોબર મહિનાના બીજા સપ્તાહથી ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ વધશે અને બપોરે આકરો તાપ પડશે. જેથી લોકો બેવડી ઋતુનો અનુભવ કરશે. હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં નવેમ્બર મહિનામાં તાપમાનનો પારો ૩૦ ડીગ્રીની નીચે જવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તો રાજ્યના ૧૪ જિલ્લામાં સીઝનનો ૧૦૦% કરતા વધુ વરસાદ નોંધાયો છે. આ જિલ્લાઓમાં જામનગર, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, વલસાડ, નર્મદા, ભાવનગર, બોટાદ, ભરૂચ, કચ્છ અને આણંદનો સમાવેશ થાય છે. જામનગરમાં તો પૂર જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. જામનગરમાં ૧૩૮%થી વધુ વરસાદ નોંધાયો છે.

# પાકિસ્તાનમાં ૬ની તીવ્રતાનો ભૂકંપમાં ૨૨નાં મોત, ૩૦૦ કરતાં વધુને ઈજા



પાકિસ્તાન,

પાકિસ્તાન છેલ્લા બે દશકામાં બે વખત મોટા ભૂકંપનો ભોગ બન્યું છે. ૨૦૦૫માં ૭.૬ની તીવ્રતાનો ભૂકંપ ત્રાટક્યો હતો, જેમાં ૭૩ હજાર લોકો માર્યા ગયા હતા અને ૩૫ લાખ લોકો બેઘર બની ગયા હતા. એ પછી ૨૦૧૫માં પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં ૭.૫ની તીવ્રતાનો ભૂકંપ આપ્યો હતો, જેમાં ૪૦૦ લોકોનાં મોત થયા હતા.પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં શક્તિશાળી ભૂકંપ ત્રાટક્યો હતો. ૧૦૦ જેટલી ઈમારતો ધ્વસ્ત થઈ ગઈ હતી. છ બાળકો સહિત ૨૨ લોકોનાં મોત થયા હતા અને ૩૦૦ કરતાં વધુ લોકોને ઈજા પહોંચી હતી. પાકિસ્તાન ડિઝાસ્ટર મેનેજમેન્ટના કહેવા પ્રમાણે મૃત્યુ આંક હજુ પણ વધે તેવી શક્યતા છે. પાકિસ્તાનમાં ૫.૯ રિક્ટર સ્કેલનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. બલુચિસ્તાનના હરનાઈમાં એપીસેન્ટર નોંધાયું હતું. હરનાઈ નજીક ભૂગર્ભમાં ૧૫ કિલોમીટર એપીસેન્ટર નોંધાયું હોવાનું ઈસ્લામાબાદ સ્થિત પાકિસ્તાનના નેશનલ સિસ્મિક મોનિટરિંગ સેન્ટરે કહ્યું હતું. હરનાઈ ઉપરાંત ક્વેટા, સિબિ, પિશિન, ક્વિલા સૈફુલ્લા, ચારમાન, ઝિયારત, ઝુબ જેવા વિસ્તારોમાં ભૂકંપનો અનુભવ થયો હતો. સૌથી વધુ નુકસાન ઉત્તર-પૂર્વમાં આવેલા હરનાઈમાં થયું હતું. અમેરિકન જિયોલોજિકલ સર્વેના કહેવા પ્રમાણે ૬ની તીવ્રતાથી ભૂકંપ ત્રાટક્યો હતો. હરનાઈના ડેપ્યુટી કમિશ્નરે તાત્કાલિક જિલ્લામાં કુદરતી કટોકટી જાહેર કરી હતી. ડિઝાસ્ટર મેનેજર ઓથોરિટીના કહેવા પ્રમાણે મૃતકોમાં મહિલાઓ અને બાળકોનું પ્રમાણ વધુ છે. ભૂકંપ પછીના વીડિયો અને ફોટો સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. ભૂકંપ પછી પણ આફટર શોક આવ્યા હતા, જેના કારણે લોકો ભયભીત બન્યા હતા. ભૂકંપ પછી લોકો ઘરમાં પ્રવેશવા માગતા ન હોવાથી પ્રાંતના અનેક શહેરોમાં લોકો શેરીઓમાં કલાકો સુધી બેસી રહ્યા હતા. સરકારી અધિકારીઓના કહેવા પ્રમાણે ભૂકંપ પછી હરનાઈ સહિતના શહેરોમાં વીજ પૂરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો. આફ્ટર શોકના કારણે વીજ પૂરવઠો કલાકો સુધી ખોરવાયેલો રહ્યો હતો. મોબાઈલ નેટવર્ક ઠપ થઈ જતાં મોબાઈલ ફોન સર્વિસ પણ પ્રભાવિત થઈ હતી. અસંખ્ય લોકો બેઘર બની ગયા હોવાથી તેમને આશ્રયગૃહોમાં ખસેડવામાં આવ્યા હતા. જે ઈમારતો ધ્વસ્ત થઈ છે એનો કાટમાળ હટાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી અને રાહત કામગીરી શરૂ થઈ હતી. બલુચિસ્તાનમાં આર્મીની ટૂકડીને સહાય માટે મોકલવામાં આવી હતી.

# હવે, એર ઈન્ડિયા થઈ ટાટાની



નવી દિલ્હી,

એર ઈન્ડિયામાં ઘણી ખામીઓ છે, પરંતુ તેનું સંચાલન ઉત્તમ છે. તેમાં એક સપ્તાહમાં ૪૪૮૬ સ્થાનિક સ્લોટ્સ અને દર અઠવાડિયે ૨૭૩૮ આંતરરાષ્ટ્રીય સ્લોટ છે. આંતરરાષ્ટ્રીય સ્લોટમાં ૩૫૮ પશ્ચિમ એશિયન દેશો (અબુ ધાબી, દુબઈ, તેલ અવીવ જેવા દેશો) માટે છે.સરકારે સંસદમાં કહ્યું હતું કે માર્ગદર્શનના આધારે એર ઈન્ડિયાના કર્મચારીઓના હિતોનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવશે. કર્મચારીઓને પણ સંપૂર્ણપણે સુરક્ષિત રાખવામાં આવશે.એર ઈન્ડિયાની કમાન ટાટા ગ્રુપે આપી છે. ટાટા ગ્રુપ તેને ૧૮,૦૦૦ કરોડ રૂપિયામાં ખરીદી રહ્યું છે. નાણાં મંત્રાલયના રોકાણ અને જાહેર સંપત્તિ વ્યવસ્થાપન વિભાગ (DIPAM) દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી. એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એકસપ્રેસનું સંચાલન ટાટા કરક્ત એર ઈન્ડિયા સ્પેસિફિક ઓલ્ટરનેટિવ મિકેનિઝમ (AISAM) પેનલે એર ઈન્ડિયાની નાણાકીય બિડ પર નિર્ણય કર્યો છે. આ પેનલમાં ગૃહમંત્રી અમિત શાહ, નાણામંત્રી નિર્મલા સીતારમણ સહિત ઘણા મહત્વના પ્રધાનો અને અધિકારીઓ સામેલ છે. ટાટા સન્સે એર ઈન્ડિયા માટે ૧૮ હજાર કરોડની બોલી લગાવી હતી, જ્યારે સ્પાઈસ જેટના અજય સિંહે ૧૫ હજાર કરોડની બોલી લગાવી હતી. માનવામાં આવે છે કે આ વ્યવહાર ડિસેમ્બર ૨૦૨૧ સુધીમાં પૂર્ણ થઈ જશે. એર ઈન્ડિયા સ્પેસિફિક ઓલ્ટરનેટિવ મિકેનિઝમ (AISAM) પેનલે એર ઈન્ડિયાની નાણાકીય બિડ પર નિર્ણય કર્યો છે. આ પેનલમાં ગૃહમંત્રી અમિત શાહ, નાણામંત્રી નિર્મલા સીતારમણ સહિત ઘણા મહત્વના પ્રધાનો અને અધિકારીઓ સામેલ છે. DIPAM ના સચિવે જણાવ્યું કે જ્યારે એર ઈન્ડિયા વિજેતા બિડરના હાથમાં જશે ત્યારે કંપનીની બેલેન્સશીટ પર ૪૬,૨૬૨ કરોડ રૂપિયાનું દેવું AIAHL ને જશે. તેમણે કહ્યું કે સરકારને આ ડીલમાં રૂ ૨,૭૦૦ કરોડની રોકડ મળશે. એર ઈન્ડિયા પર કુલ દેવું ૪૬૨૬૨ કરોડ છે. આ આંકડો માર્ચ ૨૦૨૧નો છે. ઓગસ્ટના અંત સુધીમાં આ આંકડો વધીને ૬૫૫૬૨ કરોડ થયો છે. નોંધનીય છે કે, થોડા દિવસો પહેલા બ્લૂમબર્ગના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ટાટા સન્સની એર ઈન્ડિયા ખરીદવાની ઓફર સ્વીકારી લેવામાં આવી છે. પરંતુ સરકારે ટાટા ગ્રુપની બિડ મંજૂર થયાના સમાચારને રદિયો આપ્યો અને કહ્યું કે આ અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. ૩૧ માર્ચ ૨૦૨૦ સુધીમાં એર ઈન્ડિયાની કુલ ફિક્સ્ડ પ્રોપટી આશરે ૪૫,૮૬૩.૨૭ કરોડ રૂપિયા છે. જેમાં એર ઈન્ડિયાની જમીન, ઈમારતો, વિમાનનો કાફલો અને એન્જિનનો સમાવેશ થાય છે.

# ત્રણ મહિનામાં કોરોનાના કેસો વધવાની સરકારની ચેતવણી

નવી દિલ્હી,

મિઝોરમમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૩૦૨ નવા કેસો સામે આવ્યા છે. જેમાં ૨૬૩ કેસ બાળકોના છે. આ ઉપરાંત રાજ્યમાં કોરોનાને કારણે છેલ્લા ૨૪ કલાકમાં છ લોકોનાં મોત થયા છે. મિઝોરમના ઐઝવાલ જિલ્લામાં સૌથી વધુ ૭૨૮ કેસો જોવા મળ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના અધિકારીઓએ દેશની પ્રજાને ઓક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બરમાં કોરોના અંગે વધુ સતર્ક રહેવાની અપીલ કરી છે. આરોગ્ય મંત્રાલયે ચેતવણી આપી છે કે આ ત્રણ મહિનાઓમાં તહેવારો અને લગ્નની સિઝન હોવાથી કોરોનાના કેસો વધી શકે છે. આરોગ્ય મંત્રાલયે લોકોને ભીડવાળી જગ્યાએ ન જવા અને વર્ચ્યુઅલ રીતે તહેવારોની ઉજવણી કરવાની સલાહ આપી છે. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર વારંવાર જણાવે છે કે કોરોનાની બીજી લહેર હજુ સમાપ્ત થઈ નથી. હજુ પણ દરરોજ દેશમાં ૨૦,૦૦૦ની આસપાસ કોરોનાના કેસો જોવા મળે છે.નીતિ આયોગના સભ્ય (આરોગ્ય) વી કે પૌલે જણાવ્યું હતું કે ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીમાં દશેરા, દિવાળી, દુર્ગા પૂજા, ઈદે મિલાદ, નાતાલ જેવા તહેવારો અને લગ્નગાળો આવવાનો હોવાથી લોકોએ વધુ સતર્ક રહેવાની જરૂર છે. મિઝોરમ, કેરળ, સિક્કિમ, મણિપુર અને મેઘાલયમાં સાપ્તાહિક પોઝિટીવ રેટ પાંચ ટકાથી વધુ છે. ૯ રાજ્યોના ૩૪ જિલ્લાઓમાં સાપ્તાહિક પોઝિટિવ રેટ દસ ટકાથી વધારે છે. વિશ્વમાં હજુ પણ કોરોનાના દૈનિક કેસો ૪.૫૪ લાખની આસપાસ જોવા મળી રહ્યાં છે. આ દરમિયાન છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨૨,૪૩૧ કેસો સામે આવ્યા છે. આ સાથે જ દેશમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા વધીને ૩,૩૮,૯૪,૩૧૨ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી વધુ ૩૧૮ લોકોના મોત થતાં દેશમાં કોરોનાથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને ૪,૪૯,૮૫૬ થઈ ગઈ છે. આજે થયેલા ૩૧૮ મોત પૈકી કેરળમાં ૧૩૪ મોત અને મહારાષ્ટ્રમાં ૯૦ લોકોનાં મોત થયા છે. ઉલ્લેખનીય છે કે કોરોનાના નવા કેસો છેલ્લા ૧૩ દિવસથી ૩૦,૦૦૦થી નીચે જોવા મળી રહ્યાં છે. દેશમાં અત્યાર સુધી કોરોના વેક્સિનના અપાયેલા ડોઝની સંખ્યા ૯૨.૬૩ કરોડને પાર થઈ ગઈ છે.

# વડોદરા, અંકલેશ્વર, વાપી, સુરત, રાજકોટ અને અમદાવાદના વટવામાં વાયુ પ્રદૂષણ ગંભીર સ્તરે

ગાંધીનગર,

શહેરોમાં હવાની ગુણવત્તા સુધારવા માટે એક્શન પ્લાન બનાવવામાં આવ્યા હોવાની સોગંદનામા પર રજૂઆત કરવામાં આવી છે. ૧૫ વર્ષથી જુના વાહનો રસ્તા પર ચલાવવા પર રોક લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઈન્ડસ્ટ્રીઝમાં ફ્યુઅલ તરીકે વપરાતા ફરનેસ ઓઈલ અને કોલસાને તબક્કાવાર રીતે ઈંધણ તરીકે ઉપયોગમાં લેવાનું બંધ કરવા માટે સરકાર નિર્ધારિત હોવાની રજૂઆત પણ કરવામાં આવી છે. ૨૦૨૫-૨૬ સુધીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સમાં ૩૫ થી ૫૦ ટકા સુધારો કરવા સરકાર મક્કમ હોવાની સોગંદનામામાં રજૂઆત કરવામાં આવી છે. રાજ્યમાં એર ક્વોલિટી સુધારવા કોલસાનો ઉપયોગ બંધ કરી અને નેચર ગેસ કે અન્ય વૈકલ્પિક ઉર્જાના સ્રોતનો ઉપયોગ વધવો જોઈએ એવી માંગ સાથે હાઈકોર્ટમાં થયેલી પિટિશનમાં રૅઝમ્એ આ વિગતો રજૂ કરી છે. વડોદરા, અંકલેશ્વર, વાપી, સુરત, રાજકોટ અને અમદાવાદમાં વટવા વિસ્તાર અતિ ગંભીર રીતે પ્રદૂષિત હોવાની વાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે સ્વીકારી છે. આ સાથે ભાવનગર, મોરબી, જૂનાગઢ અને અમદાવાદના નરોડા-ઓઢવ વિસ્તાર અતિ પ્રદૂષિત હોવાની વાત પણ સ્વીકારી. અમદાવાદ અને સુરતની એર ક્વોલિટી નિર્દિષ્ટ માપદંડ કરતાં ખરાબ હોવાની વાત પણ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે સ્વીકારી છે.

# ઈરાનથી મુંબઈ આવેલ મગફળીના જથ્થામાં છુપાવીને લવાયું હેરોઈન



મુંબઈ,

કન્ટેનર વૈભવ એન્ટરપ્રાઈઝના સંદીપ ઠક્કરે ઈમ્પોર્ટ કર્યું હતું. તેની મસ્જિદ બંદરમાં ઓફિસ છે. DRની ટીમે તેની પૂછપરછ પણ કરી છે. ઠક્કરે DRIને જણાવ્યું છે કે સાંઘવીએ તેને તેની ફર્મના IEC પર ઈરાનથી સામાન ઈમ્પોર્ટ કરવા માટે એક જથ્થાદીઠ રૂ. ૧૦,૦૦૦ની ઓફર પણ આપી હતી. તે ૧૫ વર્ષથી સાંઘવી સાથે વેપાર કરી રહ્યા છે, તેથી તેમને સાંઘવી પર વિશ્વાસ હતો. DRIએ સાંઘવીની ધરપકડ કરીને તેની વિરુદ્ધ નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઈકોટ્રોપિક્સ સબ્સટેન્સ એક્ટ (NDPS) અંતર્ગત કેસ નોંધી લીધો છે. ગુરુવારે તેને મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટે તેને ૧૧ ઓક્ટોબર સુધી DRIની અટકાયતમાં મોકલી દીધો છે. સાંઘવીની ધરપકડ પછી હવે DRIની ટીમ આજે સવારે મુંબઈ પોર્ટ પર અન્ય અમુક કન્ટેનર્સની પણ તપાસ કરશે. DRIએ કોર્ટમાં દાવો કર્યો છે કે સાંઘવી એક સિન્ડિકેટનો હિસ્સો છે અને તે સિન્ડિકેટના દરેક લોકોની માહિતી જાણવા માટે તેની પૂછપરછ કરવી જરૂરી છે. DRIને શંકા છે કે પહેલાં પણ આ રીતે ઘણી દાણચોરી કરવામાં આવી છે. આ પહેલાં જુલાઈમાં DRIએ મુંબઈ પોર્ટથી ૨૯૩ કિલો હેરોઈન જપ્ત કર્યું હતું અને સંધુ એક્સપોર્ટ પંજાબના માલિક પ્રભજિત સિંહની ધરપકડ કરવામાં આવી હતી.મુંબઈમાં ચાલતા ક્રૂઝ પાર્ટી કેસ દરમિયાન ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)ની ટીમે મુંબઈ પોર્ટ પર દરોડા પાડ્યા છે. અહીં એક કન્ટેનરમાંથી ૨૫ કિલો હેરોઈન જપ્ત કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં એની કિંમત અંદાજે ૧૨૫ કરોડ માનવામાં આવે છે. DRIની મુંબઈ યુનિટે દરોડા પછી નવી મુંબઈમાં ૬૨ વર્ષના વેપારી જયેશ સાંઘવીની ધરપકડ કરી છે. સાંઘવી પર આરોપ છે કે તે ઈરાનથી મગફળીના તેલના એક જથ્થામાં આ હેરોઈન છુપાવીને મુંબઈ લાવ્યો હતો. DRIના એક અધિકારીએ જણાવ્યું છે કે ખાનગી માહિતીના આધાર પર નવી મુંબઈના ન્હાવા શેવામાં ઈરાનથી આવેલા એક કન્ટેન્ટરને પકડવામાં આવ્યું છે અને એની તપાસ કરતાં જ આ હેરોઈન જપ્ત કરાયું છે.

# અરૂણાચલમાં ભારત ૨૦૦ ચીની સૈનિકો LOC પર રોક્યા

નવી દિલ્હી,

ઉત્તરાખંડના બારાહોતી ખાતે ચીનના આશરે ૧૦૦ જેટલા સૈનિકો સીમા રેખા પાર કરીને ભારતીય ક્ષેત્રમાં ઘૂસી આવ્યા હતા. ૩૦ ઓગષ્ટના રોજ ભારતીય સીમામાં આશરે ૫ કિમી અંદર સુધી આવ્યા બાદ ચીની સૈનિકો પાછા ફરી ગયા હતા. ચીની સૈનિકોએ ભારતીય સીમા ક્ષેત્રમાંથી પાછા ફરતા પહેલા તે વિસ્તારમાં એક પુલને પણ નુકસાન પહોંચાડ્યું હતું. જોકે સુરક્ષા એજન્સીઓએ તે સમાચાર નકારી દીધા હતા. ઉલ્લેખનીય છે કે, પૂર્વીય લદ્દાખમાં ગત વર્ષના એપ્રિલ માસથી અથડામણ ચાલી રહી છે. ૧.૫ વર્ષ કરતા પણ વધારે સમય વીતી ગયા બાદ પણ તણાવ વ્યાપેલો છે. બંને દેશ વચ્ચેના સંઘર્ષના અંત માટે સૈન્ય સ્તરની વાતચીત ચાલી રહી છે પરંતુ સાથે જ ચીન ઉશ્કેરણીજનક કાર્યવાહી પણ કરી રહ્યું છે. ચીન એલએસી ખાતે પોતાના સૈનિકોની સંખ્યામાં સતત વધારો કરી રહ્યું છે. ભારત અને ચીન વચ્ચે લેહ ખાતે લાંબા સમયથી ચાલી રહેલા તણાવ વચ્ચે હવે અરૂણાચલ પ્રદેશથી પણ તણાવના સમાચાર સામે આવ્યા છે. ભારત અને ચીનના સૈનિકો અરૂણાચલ પ્રદેશમાં વાસ્તવિક નિયંત્રણ રેખા ખાતે સામસામે આવી ગયા હતા. કમાન્ડર સ્તરની વાતચીત બાદ આ મુદ્દો ઉકેલાયો હતો. ભારત અને ચીન, બંને દેશના સૈનિકો પેટ્રોલિંગ દરમિયાન સામસામે આવી ગયા હતા અને આ ઘટના ગત સપ્તાહે બની હતી. જાણવા મળ્યા મુજબ અરૂણાચલ પ્રદેશના યાંગત્સે પાસે તવાંગ સેકટરમાં ગત સપ્તાહે ભારતીય સૈનિકોએ ચીનના આશરે ૨૦૦ સૈનિકોને અટકાવ્યા હતા. ભારતીય સૈનિકોના પરસેપ્શન પ્રમાણે ચીની સૈનિકો વાસ્તવિક નિયંત્રણ રેખા પાર કરીને ભારતીય સરહદમાં ઘૂસી આવ્યા હતા. ત્યાર બાદ ચીની સૈનિકોને કસ્ટડીમાં લેવા સંબંધી સવાલ મળવા લાગ્યા હતા. સંરક્ષણ મંત્રાલય સાથે સંકળાયેલા સૂત્રોના કહેવા પ્રમાણે ભારત-ચીન સરહદનું સત્તાવાર સીમાંકન નથી કરવામાં આવેલું. બંને દેશની સીમા રેખા પરસેપ્શન આધારીત છે અને પરસેપ્શનમાં અંતર છે. સંરક્ષણ મંત્રાલયના સૂત્રોના કહેવા પ્રમાણે બંને દેશ પોતપોતાની ધારણા પ્રમાણે પેટ્રોલિંગ કરે છે. બંને દેશ વચ્ચે કોઈ પણ પ્રકારની અસહમતિ કે અથડામણનું પ્રોટોકોલ પ્રમાણે શાંતિથી સમાધાન કાઢવામાં આવે છે. સંરક્ષણ મંત્રાલયના સૂત્રોના અહેવાલ પ્રમાણે આ ઘટના ગત સપ્તાહે બની હતી. સીમા પર શાંતિ વ્યવસ્થા કાયમ છે.

# RBIએ રેપોરેટ ન બદલતા મોંઘવારીના ટેન્શનમાં રાહત નહીં



નવી દિલ્હી,

લોકોને એવી આશા હતી કે, તહેવારોના મોસમમાં રિઝર્વ બેંક પોતાના રેપો રેટમાં ફેરફાર કરશે અને તેને ઘટાડશે જેથી મોંઘવારીથી પીસાયેલા લોકો માટે ઈએમઆઈનું ભારણ ઘટે. જોકે નિષ્ણાંતોના મંતવ્ય પ્રમાણે રેપો રેટ સૌથી નીચેના દરે છે અને બેંકો પણ સૌથી ઓછા દરે લોન આપી રહી છે. તેવામાં રિઝર્વ બેંક પોતાના રેપો રેટને અપરિવર્તિત રાખી શકે છે. રિઝર્વ બેંક દ્વારા રેપો રેટમાં ફેરફાર ન કરવામાં આવ્યો તેથી લોકોની ઈએમઆઈ ઘટવાની આશા પર પાણી ફરી વળ્યું છે. રેપો રેટ એ વ્યાજ દર છે જેના પર વાણિજ્યિક બેંક આરબીઆઈમાંથી રોકડ ઉઠાવે છે. દેશની નાણાકીય નીતિ નિર્ધારિત કરનારી ઈંમૈંએ પોતાના રેપો રેટ અને રિવર્સ રેપો રેટમાં કોઈ જ ફેરફાર નથી કર્યો. નાણાકીય નીતિની સમીક્ષા માટે ૬ ઓક્ટોબરના રોજ શરૂ થયેલી નાણાકીય નીતિ કમિટીની બેઠક શુક્રવારે સમાપ્ત થઈ હતી. આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે બેઠક સમાપ્ત થયા બાદ દેશને કમિટીના નિર્ણયોની જાણકારી આપી હતી. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન શક્તિકાંત દાસે જણાવ્યું કે, રિઝર્વ બેંકે રેપો રેટને ૪ ટકા અને રિવર્સ રેપો રેટને ૩.૫ ટકા જાળવી રાખ્યા છે. સતત ૮મી વખત રિઝર્વ બેંકે પોતાના રેપો રેટમાં કોઈ જ જાતનો ફેરફાર નથી કર્યો. આ સાથે જ રિઝર્વ બેંક નાણાકીય નીતિને લઈ પોતાના વલણને લચીલું બનાવી રાખશે.

# વડોદરા દુષ્કર્મ કેસના મુખ્ય આરોપી અશોક જૈનનો પોટેન્સી ટેસ્ટ નિષ્ફળ



વડોદરા,

વડોદરાના ગોત્રી દુષ્કર્મ કેસમાં પીડિતાને મદદ કરનાર અલ્પુ સિંધીને હરિયાણાના ગુડગાવથી ક્રાઈમ બ્રાન્ચ અને સાયબર ક્રાઈમની ટીમે સયુંકત ઓપરેશનમાં દબોચી લીધો હતો. વડોદરાના ચર્ચિત ગોત્રી દુષ્કર્મ કેસમાં મુખ્ય આરોપી અશોક જૈનની ધરપકડ કરવામાં આવી હતી. તેની ધરપકડ બાદમાં તેના વિવિધ મેડિકલ ટેસ્ટ કરાવવામાં આવ્યા હતા. આ દરમિયાન અશોક જૈનનો પોટેન્સી ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જોકે, વડોદરાના તબીબી બે કલાકની મહેનત છતાં અશોક જૈનના ઈચ્છિત નમૂના લઈ શકાયા ન હતા. આપને જણાવી દઈએ કે વડોદરા ખાતે પોટેન્સી ટેસ્ટ નિષ્ફળ જતાં હવે તેને ટેસ્ટ માટે અમદાવાદ લઈ જવામાં આવશે. ઉલ્લેખનીય છે કે DNA માટે જરૂરી લોહીના નમૂના લઈ લેવામાં આવ્યા હોવાના અહેવાલો આવ્યા છે. તેમના હજુ વધુ બ્લડ ટેસ્ટ કરવામાં આવશે તેવું પણ જાણવા મળ્યું છે. વડોદરાના ગોત્રી દુષ્કર્મ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે આરોપી રાજુ ભટ્ટ અને અશોક જૈનની ધરપકડ બાદ એક વધુ ધરપકડ કરી છે. જેમાં કથિત રીતે પીડિતાને મદદ કરનાર અલ્પુ સિંધીની પણ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. હરિયાણાના ગુડગાવથી ક્રાઈમ બ્રાન્ચ અને સાયબર ક્રાઈમની ટીમે સયુંકત ઓપરેશનમાં અલ્પુ સિંધીને દબોચી લીધો હતો. અલ્પુ સિંધી પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ હતો. વડોદરાના હાઈપ્રોફાઈલ દુષ્કર્મની ફરિયાદમાં અલ્પુ સિંધીની શંકાસ્પદ ભૂમિકા સામે આવી છે. જેની બાદ પોલીસ તેની સતત શોધી રહી હતી. જેની બાદ પોલીસે અનેક ટીમો બનાવીને શોધખોળ આરંભી હતી.

વડોદરાના ગોત્રી દુષ્કર્મ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે આરોપી રાજુ ભટ્ટ અને અશોક જૈનની ધરપકડ બાદ એક વધુ ધરપકડ કરી છે. જેમાં કથિત રીતે પીડિતાને મદદ કરનાર અલ્પુ સિંધીની પણ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. હરિયાણાના ગુડગાવથી ક્રાઈમ બ્રાન્ચ અને સાયબર ક્રાઈમની ટીમે સયુંકત ઓપરેશનમાં અલ્પુ સિંધીને દબોચી લીધો હતો. અલ્પુ સિંધી પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ હતો. વડોદરાના હાઈપ્રોફાઈલ દુષ્કર્મની ફરિયાદમાં અલ્પુ સિંધીની શંકાસ્પદ ભૂમિકા સામે આવી છે. જેની બાદ પોલીસ તેની સતત શોધી રહી હતી. જેની બાદ પોલીસે અનેક ટીમો બનાવીને શોધખોળ આરંભી હતી.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં વન્ય પ્રાણી સપ્તાહનો રાજયકક્ષાનો સમાપન કાર્યક્રમ યોજાયો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
ગુજરાતના સમૃદ્ધ વન્યજીવ વારસાને જાળવી રાખવા માટે રાજય સરકારે અનેક સંરક્ષણાત્મક પગલા લીધા છે. જેમાં ગુજરાત રાજય વન્ય પ્રાણી સંરક્ષણ અને સંવર્ધન ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવે છે. જાગૃતતા એ સંરક્ષણ માટેનું સોપાન છે. જેથી રાજયમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મ જયંતિ ૨ ઓક્ટોબર થી શરૂ કરીને ૮ ઓક્ટોબર સુધી એક સપ્તાહના સમય ગાળામાં વન્ય પ્રાણી સપ્તાહ ઉજવણી ઉત્સાહ અને ઉમંગપૂર્વક કરવામાં આવી છે.

જે અંતર્ગત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજયકક્ષાનો કાર્યક્રમ યોજાયો. જેમાં મહીસાગર જીલ્લા કક્ષાના કાર્યક્રમમાં કિસાન વિદ્યાલય લુણાવાડા ખાતેથી વર્ચ્યુલના માધ્યમ થકી ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવકે જણાવ્યું હતુ કે, વન્યપ્રાણી સપ્તાહ સમાપન દિવસે વન્ય પ્રાણીઓ અને પક્ષીઓ એ કુદરતની વિવિધતાનો અમુલ્ય વારસો છે તેમ જણાવી જેને યુવા પેઢીમાં એની અગત્યતાની સમજણ કેળવવાથી જ આ વારસો સચવાશે. ઘણાં પ્રાણીઓ અને પક્ષીઓ વિલુપ્ત થઈ ગયાં છે અને ઘણાનું અસ્તિત્વ જોખમમાં છે. વન્યપ્રાણીઓને લીધે પર્યાવરણમાં સંતુલન જળવાઈ રહે છે.

આ કાર્યક્રમા ઈન્ચાર્જ નગરપાલીકા પ્રમુખ મીનાબેન પંડયા, નાયબ વન સંરક્ષક આર.બી.પટેલ, રેન્જ ફોરેસ્ટ ઓફિસર વી.એમ. હારેજા, અગ્રીણી રાવજીભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં આગેવાનો, પર્યાવરણ તથા વન્યપ્રાણી પ્રેમીઓ, અધિકારીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

### મહીસાગર જિલ્લાના મોટી ચરેલ ગામના

## મહિલા ખેડૂત કૈલાસબેન પટેલની છુટા ફૂલોની ખેતી અન્ય ખેડૂતો માટે પ્રેરણાદાયી અર્થને સાર્થક કર્યુ



લુણાવાડા,
મહિલા સશકિતકરણ, આધુનિક સમયમાં સૌથી વધુ સાંભળવા મળે છે. જેમાં ભારતીય નારીઓએ સાચા અર્થમાં મહિલા સશકિતકરણના અર્થને સાર્થક કર્યુ હોવાનું પ્રમાણ મળે છે. ત્યારે મહીસાગર જિલ્લાનાં લુણાવાડા તાલુકાના મોટી ચરેલ ગામનાં મહિલા ખેડૂત કૈલાસબેન પટેલ તેઓ ખેત વ્યવસાય સાથે જેઓ ગ્રામ્ય વિસ્તારમાં પોતાની ૪૦ ગુંઠા જમીનમાં ટેનીસ બોલ પ્રકારના ગલગોટાના ફ્લોની ખેતી કરી આર્થિક સધ્ધરતા મેળવી અન્ય મહિલાઓ માટે પ્રેરણાદાયી બન્યા છે.

તેમના ખેતી વ્યવસાયમાં પરિવારના નલિનભાઈ પટેલનો પણ સહયોગ મળ્યો છે. સાથે સાથે એક હેકટર જમીનમાં પપૈયાની પણ બાગાયતી ખેતી કરી છે. પટેલ કહે છે કે, આસો માસની શરૂઆતથી નવરાત્રિ–દિવાળી તહેવારોના પર્વ શરૂ થઈ રહયા છે. ત્યારે નવરાત્રિ પર્વમાં શક્તિ વંદનામાં આરતી વંદના સહિતના કાર્યક્રમો કોવિડ ગાઈડલાઈન અનુસરીને શરૂ થયા છે. જેના પગલે તહેવારોના ટાણે ફ્લોની માંગમાં ઉછાળો જોવા મળતાં ભાવોમાં તેજી જોવા મળી રહી છે. ત્યારે પિયતની સુવિધા ધરાવતા ખેડૂતો માટે ફ્લોની ખેતીએ આવક રળી આપતો એક લઘુ ઉદ્યોગ ખેડૂતો માટે સાબિત થઈ રહ્યો છે.

અગાઉ ડાંગર, મકાઈ અને ઘઉં જેવા ખેતી પાકોની ખેતી કરતા હતા. પરંતુ તેમાં મજુરી ખર્ચ વધુ અને ઉપજ ઓછી હોવાના કારણે આર્થિક રીતે ખેતી પરવડતી નહોતી. ખેતી વિષયક પ્રેરક કાર્યક્રમોના માધ્યમથી ખેતીવાડી વિભાગ અને બાગાયત વિભાગના સંપર્કમાં આવી બાગાયતી ખેતી પાકો તરફ પ્રેરાઈ છું. આ ખેતીમાં મજુરી ખર્ચ ઓછો તથા ઉત્પાદન અને આવક વધુ મળી શકે. તેથી હું મહીસાગર જીલ્લાની બાગાયત કચેરીનો સંપર્ક કરીને છુટાફૂલ પાકોની ખેતી વિશે માર્ગદર્શન તથા સલાહ મેળવી. વધુમાં છુટા ફૂલોમાં બાગાયત ખાતાની સહાય અને માર્ગદર્શન પણ મળે છે. તે બધા પાસાઓને ધ્યાને લઈ બાગાયતી ખેતી કરવાનો નિર્ધાર કર્યો. બાગાયતી ખેતી ખાસ કરીને ફૂલોની ખેતીમાં સારૂ મળતર રહેતું હોઈ તેના માટે ખેડૂત આઈ પોર્ટલ પર ઓનલાઈન ફોર્મ ભરી છુટા ફુલોની ખેતી યોજના માટે અરજી કરી તેઓએ ૪૦ ગુંઠામાં ટેનીસ બોલ ગલગોટાની ખેતી કરવાની શરૂઆત કરી. તહેવારોમાં ફૂલોનું વેચાણ પણ સારૂં હોય છે. આ સમયમાં ટેનીસ બોલ પ્રકારના ગલગોટાની માંગ બજારમાં સારી હોવાથી રોકડા નાણાં મળે છે. જેમા અંદાજે એક એકરમાં રૂા.૧૬ થી ૧૮ હજારનો ખર્ચ થાય છે અને આવક રૂા. ૪૦ હજાર થશે તેમજ નફો રૂા. ૨૪ હજારનો થશે. મારા બાગાયતી ખેતીના સફળ અનુભવ પછી મારા ગામના અન્ય ખેડૂતો પણ તે તરફ પ્રેરાયા છે.

મહીસાગર જિલ્લા નાયબ બાગાયત નિયામકની કચેરીના જણાવ્યા અનુસાર જીલ્લામાં ફૂલ પાકોનું વાવેતર ૨૧૫ હેક્ટર થી ૨૨૫ હેક્ટર સુધી થાય છે. જેમાં ગુલાબ, ગલગોટા, સેવંતી, ગેલાડીયા વગેરે ફૂલપાકોનો સમાવેશ થાય છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર પુરસ્કૃત બાગાયત વિભાગની યોજના દ્વારા જુદા જુદા ઘટકો જેવા કે પપૈયા,દાંડી ફૂલો,કંદ ફૂલો, છુટાફૂલોમાં ૫૦% થી માંડીને ૬૫% સુધીની સહાય આપવામાં આવે છે. અન્ય ખેડૂતો માટે કૈલાશબેન પટેલની છુટા ફુલોની બાગાયતી ખેતી પ્રેરણા રૂપ બની છે.


## આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત મહીસાગર જિલ્લામાં "CLEAN INDIA" પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું

લુણાવાડા,
આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી મહીસાગરતેમજ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર મહીસાગર દ્વારા “CLEAN INDIA” પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ તારીખઃ ૦૬/૧૦/૨૦૨૧ના રોજ મહીસાગર જિલ્લાના લુણાવાડા, બાલાશિનોર, સંતરામપુર, કડાણા, ખાનપુર અને વિરપુર તાલુકા તેમજ લુણાવાડા, બાલાશિનોર, સંતરામપુર નગરપાલિકા ની તમામ શાળાઓમાં રમતગમતના મેદાનોની સાફ–સફાઈ કરવામાં આવી હતી. તારીખ ૦૭/૧૦/૨૦૨૧ ના રોજ પંચશીલ હાઈસ્કૂલ થી.પી.એન.પંડ્યાકોલેજ ગ્રાઉન્ડ સુધી સ્વચ્છતા અવેરનેસ તેમજ સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મહીસાગર જીલ્લાની તમામ શાળાના બાળકોએ ભાગ લઈ રમતગમતના મેદાનોની સાફ–સફાઈ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નગરપાલિકા ચીફ ઓફિસર, જિલ્લા રમત ગમત અધિકારી મયુરબાળા.ડી. ગોહિલ, સિનિયર કોચ દક્ષેશભાઈ કહાર, પ્રાંત યુવા વિકાસ અધિકારી શર્મિષ્ઠા .વી. વસૈયા અને વ્યાયામ શિક્ષકઓ અને ખેલાડીઓ દ્વારા આ કાર્યક્રમને સફળતા પૂર્વક પૂર્ણ કરેલ છે.

## મહિસાગર જીલ્લાના ખેરવા શાળામાં સિકલસેલ એનીમિયા કંટ્રોલ પ્રોગ્રામમાં ૭૦ બાળકો પોઝીટીવ આવ્યા


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

સંતરામપુર,
‘આઝાદી કા અમૃત મહોત્સવ’ અંતર્ગત સિકલસેલ એનીમિયા સ્ક્રીનીંગ અને સિકલ સેલ એનીમિયા કંટ્રોલ પ્રોગ્રામ દ્વારા મહિસાગર જીલ્લામા કન્યા સાક્ષરતા નિવાસી શાળા ખેરવા ખાતે તા. ૦૬–૧૦–૨૦૨૧ તથા મોડેલ શાળા ખેરવા ખાતે તા.૦૮/૧૦/૨૦૨૧ ના રોજ સિકલસેલ એનીમિયા રોગની ૭૪૨ બાળકોની ચકાસણી કરવામાં આવી. જેમાંથી ૭૦ બાળકો પોઝીટીવ આવ્યા. તેમજ સિકલસેલ એનીમિયા વિશે સિકલસેલ કાઉન્સેલરો દ્વારા વિડીયો અને પેમ્પલેટ દ્વારા IEC કરવામા આવી અને પોઝીટીવ આવેલ વિદ્યાર્થીઓનુ કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના પ્રિન્સિપાલ તથા સ્ટાફગણ અને લેબ.ટેક MPHW આશાવર્ક રાવભ સુપરવાઈઝર તથા તમામ સિકલસેલ કાઉન્સેલરોનો સિંહ ફાળો રહ્યો હતો.વધુમા સ્ટાફને પ્રોત્સાહિત કરવા માટે EMO ડો.ગોસાઈ તથા Orth. ડો. દામાનો ખૂબ ખૂબ આભાર.

## ગૃહમંત્રી અમિત શાહ દ્વારા ગાંધીનગર રેલ્વે સ્ટેશન પર ટી સ્ટોલનું લોકાર્પણ

ગાંધીનગર,
ગાંધીનગર રેલ્વે સ્ટેશન ખાતે શરૂ કરાયેલા ટી- સ્ટોલ ખાતે શરૂઆતના તબક્કામાં ૧૪ જેટલી મહિલાઓને રોજગારી મળી છે. આવનારા સમયમાં વધુ મહિલાઓને રોજગારી મળશે. આ ઉપરાંત માટી કામ સાથે જોડાયેલી તમામ મહિલાઓને પણ ટૂંક સમયમાં રોજગારી આપવામાં આવશે. આ સાથે જ માટીના અનેક ઘરવખરીનું વેચાણ પણ રેલવે સ્ટેશન ખાતે કરવામાં આવશે. રેલવે સ્ટેશનો પર ચા ડીસ્પોઝેબલ કપમાં આપવામા આવતી હોય છે. પરંતુ, ગાંધીનગર રેલવે સ્ટેશન પર શરૂ થયેલા મહિલા સંચાલિત ટી-સ્ટોલ પર માટીની કુલડીમાં જ ચાનું વિતરણ કરવાનો નિર્ણય કરાયો છે.ગાંધીનગર રેલવે સ્ટેશન પર મહિલાઓ અને મહિલા સ્વસહાય જૂથ દ્વારા શરૂ કરવામા આવેલા એક ખાસ ટી-સ્ટોલનું આજે કેંદ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે લોકાર્પણ કરવામા આવ્યું હતું. અમિત શાહે સ્ટોલની મહિલાના હસ્તે જ સ્ટોલની રીબીન કપાવી હતી. સ્ટોલ પર મુખ્યમંત્રીની સાથે અમિત શાહે કુલડીમાં ચાની ચુસકી પણ લગાવી હતી. દેશમાં રેલવે સ્ટેશન પર મહિલા સ્વસહાય જૂથ દ્વારા શરૂ કરવામા આવ્યો હોય તેવો ગાંધીનગરનો આ પ્રથમ સ્ટોલ છે. જેનું આજે કેંદ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે લોકાર્પણ કરવામા આવ્યું હતું. અમિત શાહે ટી સ્ટોલ પર મહિલાઓના હાથે બનાવવામા આવેલી ચાની ચુસકી પણ લગાવી હતી. આ સમયે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ હાજર રહ્યા હતા.

## ગોધરા સરકારી ઈજનેરી કોલેજમાં નશાબંધી સપ્તાહની ઉજવણી કરાઈ



ગોધરા,
ગોધરા સરકારી ઈજનેરી કોલેજ ખાતે નશાબંધી સપ્તાહના ભાગરૂપે વ્યસન મુકિત કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓ માટે વ્યસન મુકિતના વિષય પર વકૃત્વ સ્પર્ધા યોજવામાં આવી.

સરકારી ઈજનેરી કોલેજ ગોધરા ખાતે નશાબંધી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વ્યસન મુકિત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નશાબંધી સપ્તાહમાં હાજર રહેલ સુનિલકુમાર અને વસાવા દ્વારા વિદ્યાર્થીઓન નશાબંધી મુકિત અંગેના શપથ લેવડાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને નશાની કુટેવ થી થતાં નુકશાન અંગે અવગત કર્યા હતા. નશાબંધીને લગતા કાયદાની જોગવાઈની સમજ આપી હતી. નશાબંધી સપ્તાહની ઉજવણી પ્રસંગે વિદ્યાર્થીઓ માટે વ્યસન મુકિતના વિષય ઉપર વકૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. નશાબંધી સપ્તાહના કાર્યક્રમમાં ઈજનેરી કોલેજના પ્રોફેસર હાજર રહ્યા હતા. પ્રોગ્રામનું સંચાલન એનએસએસ દ્વારા કરવામાં આવ્યું.

## દાહોદમાં ટેક્સ ભરતા ૧૬૩૦ ખેડુતોએ લીધેલા લાભના ૨.૯૨ કરોડ રૂપિયા સરકાર દ્વારા વસુલાશે

દાહોદ,
દાહોદ જિલ્લામાં ખેતીલાયક જમીન ધરાવતા તમામ નાના અને સીમંત ખાતા ધરાવતા ખેડુતોના પરિવારોને આવકની સહાયરૂપ થવાના ઉદ્દેશથી સરકારે વર્ષ–૨૦૧૮ના ડિસેમ્બર મહિનામાં પ્રધાન મંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો પ્રારંભ કર્યો હતો. આ રૂપિયાથી ખેડુતોને ખેત સામગ્રીની ખરીદી માટે નાણાંકિય જરૂરિયાત પુરી કરવા સાથ તેઓ પાક સંરક્ષણ કરીને પુરતા ઉત્પાદન મારફતે વર્ષના અંતે સુનિશ્રિત આવક મેળવી શકે તે આ યોજનાનો હેતુ હતો. આ યોજનાના ભાગરૂપે દર ચાર મહિને ખેડુતોના ખાતામાં બે હજાર રૂપિયા આવતા ખાતામાં બે હજાર રૂપિયા આવતા હતા. દાહોદ જિલ્લામાં આ યોજનામાં ચાર લાખથી વધુ ખેડુતો જોડાયેલા છે. જો કે સરકાર દ્વારા યોજનામાં જોડાવવા માટે કેટ્લાક નિતી નિયમો પણ બનાવ્યા હતા. સરકાર દ્વારા ઝીણવટપુર્વકનુ નિરીક્ષણ કરતા આ યોજનામાં ટેકસપાયર ખેડુત પણ જોડાયેલા હોવાનુ સામે આવ્યુ હતુ. દાહોદ જિલ્લામાં આવા ૧૬૩૦ ખેડુતો મળી આવ્યા હતા. જેમાં દાહોદ અને ઝાલોદના ૮૦૦ ખેડુતો હોવાનુ જોવા મળ્યુ હતુ. ટેક્સપે કરતા હોવા છતાં યોજનાનો લાભ લેતા હોવાથી આવા ખેડુતો પાસેથી સરકાર દ્વારા રિકવરી કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. જિલ્લામાં અત્યાર સુધી ખેડુતોના ખાતામાં ૨ હજારના નવ હપ્તા નાંખવામાં આવ્યા છે. ત્યારે ટેક્સપાયર ખેડુતો પાસેથી સહાયના ૨,૯૩,૪૦,૦૦૦રૂપિયાની રિકવરી કરવાની કાર્યવાહીનો આરંભ કરવામાં આવ્યો છે.

## પેથાપુર પોલીસ સ્ટેશનનો ASI ૫ હજાર રૂપિયાની લાંચ લેતા ઝડપાયો



ગાંધીનગર,
ગાંધીનગરના પેથાપુર પોલીસ મથકના ઉનાવા આઉટ પોસ્ટમાં એએસઆઈ હસમુખભાઈ અંબાલાલ શર્મા (બ.ક.નં-૮૦૪) ફરજ બજાવે છે. ત્યારે ફરિયાદીના પત્ની તેઓના પિયર મહારાષ્ટ્ર ખાતે તેઓની મરજીથી ગયા હતા. આ અંગેની જાણ ફરીયાદીની સાળીને થઈ હતી અને ફરીયાદી અને તેમની સાળી વચ્ચે અણબનાવ હોવાથી ફરિયાદીની જાણ બહાર ફરિયાદીના સાળીએ ઉનાવા આઉટ પોસ્ટમાં રૂબરૂ જઈ ફરિયાદીના પત્ની ગુમ અંગેની જાણવા જોગ અરજી કરી હતી. જે તપાસ એએસઆઈ હસમુખ શર્મા કરતા હતા. તેઓએ ફરીયાદીને ઉનાવા આઉટ પોસ્ટ બોલાવી તમારી પત્ની ગુમ થયેલ છે, તે બાબતે પુછપરછ કરી નિવેદન પણ લીધું હતું. જેમાં ફરિયાદીએ જણાવેલ કે મારી પત્ની ગુમ થયેલ નથી અને મારી પત્ની તેની મરજીથી તેના પિયરમાં ગઈ છે.અમારે પતિ પત્ની વચ્ચે કોઈ અણબનાવ થયો નથી. બાદમાં ફરિયાદીના પત્ની પોતાના પિયરથી પરત આવતા ફરિયાદી તથા તેમના પત્ની તથા તેમના સાળી પેથાપુર પોલીસ મથક ગયા હતા. એ વખતે તેઓ એ.એસ.આઈ શર્મા ને મળ્યા હતા. અને ઉક્ત અરજી બાબતે તેમણે સમાધાન કરાવ્યું હતું. પરંતુ અરજી ફાઈલે કરવા માટે હસમુખ શર્માએ ફરીયાદી પાસે પ્રથમ રૂ ૨૦ હજારની ની લાંચની માંગણી કરી હતી. અને રકઝકને અંતે રૂ.૫ હજાર લાંચ પેટે આપવાના નક્કી કર્યા હતા. જે લાંચની રકમ ફરિયાદી આપવા માંગતા ના હોય એસીબી ટોલ ફ્રી નંબર-૧૦૬૪ ઉપર સંપર્ક કરી એસીબી ખાતે ફરિયાદ આપી હતી. જેનાં પગલે એસીબી પીઆઈ એસ.ડી.ચૌધરીએ મદદનીશ નિયામક એ.કે.પરમારનાં માર્ગદર્શન હેઠળ આજ રોજ ઉનાવા આઉટ પોસ્ટમાં લાંચના છટકાનું આયોજન કર્યુ હતું. જેમાં એ.એસ.આઈ શર્મા ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી રૂપિયા ૫ હજારની ની માંગણી કરી અને સ્વીકારી રંગેહાથ ઝડપાઈ ગયો હતો. ત્યારે એસીબીનાં છટકા માં હસમુખ શર્મા ફસાતા પોલીસ બેડામાં સોપો પડી ગયો હતો.ગાંધીનગર જિલ્લામાં છઝમ્એ સફળ ટ્રેપ કરી એક ASIને ૫ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો છે. ફરિયાદની પત્ની ગુમ થયાની અરજી ફાઈલ કરવા માટે ASIએ ૫ હજારની લાંચ માગતા ACBમાં ફરિયાદ થયા બાદ એસીબીએ છટકું ગોઠવી લાંચિયા ASIને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો.

## અજીત પવારના પરિવાર પર ITના દરોડા



મુંબઈ,
નવરાત્રિના પ્રથમ દિવસે આવક વેરા વિભાગે પાડેલી રેડથી મહારાષ્ટ્રમાં રાજકરણમાં ગરમાવટો આવ્યો છે. એનસીપીના વડા શરદ પવારના ભત્રીજા અને રાજયના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને તેમના સગાંસંબંધીના ઠેકાણે રેડ પાડવામાં આવી હતી. આ રેડ પર શરદ પવારે ફરી કેન્દ્રની સરકાર અને સત્તાધારી ભાજપ સામે લક્ષ સાધ્યું હતું. અજિત પવાર સંબંધિત કંપની પર દરોડો પાડયો એની પાછળ ઉત્તર પ્રદેશમાં લખીમપૂર ખીરીમાં થયેલા હિંસાચાર પ્રકરણમાં કેન્દ્ર સરકાર સામે લીધેલી આક્રમક ભૂમિકાને લીધે કાર્યવાહી કરાઈ એવું દેખાઈ રહ્યું છે, એમ શરદ પવારે જણાવ્યું હતું.હતું.મહારાષ્ટ્રના દિગ્ગજ નેતા શરદ પવારના પરિવારજનોને ઈક્મ ટેક્સ વિભાગે (આઈટી) એકપછી એકને સપાટામાં લેવાની શરૂઆત કરી દીધી છે. આજે સાકર કારખાના સહિત અનેક જગ્યાએ આઈટીએ રેડ પાડતાં સનસનાટી વ્યાપી હતી. રાજકીય વર્તુળોમાં તર્ક વિર્તકો થવા લાગ્યા છે. શરદ પવારના ભત્રીજા અને રાજયના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના સંબંધિત સાકર કારખાનાના સંચાલકોના ઘરે આજે સવારથી આઈટીએ રેડ પાડી હોવાની માહિતી પ્રકાશમાં આવી છે. સાતારાની જરંડેશ્વર સાકર કારખાના પર આઈટી વિભાગે છાપો માર્યો હતો. ફક્ત જરંડેશ્વર નહીં પણ દોંડ સુગર, આંબલિક સુગર, પુષ્પદનતેશ્વર સુગર અને નંદુરબાર ખાનગી સાકર એમ પાંચ સાકર કારખાના સામે કાર્યવાહી કરી હોવાનું જાણવા મળ્યું છે. આ બધા સાકર કારખાના અજીત પવારના નિકટવર્તીના છે. દરમિયાન અજિત પવારની બહેન વિજ્યા પાટીલના મુક્તા પબ્લિકેશન હાઉસ પર પણ આઈટી વિભાગે રેડ પાડી હતી. આઈટી વિભાગના ચાર અધિકારીઓ મુક્તા પબ્લિકેશનમાં દસ્તાવેજોની જીણવટભરી તપાસ કરી રહ્યા છે. વિજ્યા પાટીલના કોલ્હાપુર સ્થિત ઘર પર પણ આઈટી વિભાગે છાપો હતો, પણ વિજ્યા પાટીલ પુઈખડી ખાતેના ઘરમાં ઉપસ્થિત હતા. આઈટી વિભાગે કરેલી કાર્યવાહી બદલ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે આ કાર્યવાહી પર પ્રતિક્રિયા આપતાં પોતાની નારાજગી અને ગુસ્સો વ્યક્ત કર્યો હતો. તેઓ મુંબઈમાં મિડિયા સાથે વાત કરતાં તેમણે કહ્યું કે મને નથી લાગતું કે મારી સાથે સંબંધિત કંપની પર રેડ પાડી તેનું મને લાગી આવ્યું નથી. પરંતુ અફસોસની વાત છે કે મારી બહેન જેને રાજકારણ અથવા કંપનીઓ સાથે સીધો સંબંધ નથી. તેનો માત્ર લોહીથી સંબંધ હોવાથી તેમની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે, એમ નાયબ મુખ્ય મંત્રી અજિત પવારે જણાવ્યું હતું. રેડ કોના પર કરવી તે ઈક્મ ટેક્સ વિભાગનો અધિકાર છે. જો કંઈ શંકા આવી તો આઈટી રેડ મારી શકે છે. તે પ્રકારે મારા સાથે સંબંધિત કેટલીક કંપની પર રેડ પાડી છે. અમે દર વર્ષે કરવેરો ભરીએ છીએ. રાજ્યના નાણાં મંત્રી તરીકે હું સારી રીતે જાણું છું કે કેવી રીતે નાણાકીય શિસ્ત લગાડી શકાય, કઈ રીતે ટેક્સ ન ભરવો તેથી મારી સંબંધિત કંપનીઓનો ટેક્સ સમયસર ચૂકવવામાં આવે છે, એમ ભારપૂર્વક અજિત પવારે જણાવ્યું હતું. રાજકીય હેતુથી રેડ પાડી છે કે શું તે ફક્ત ઈક્મ ટેક્સ વિભાગ જ કરી શકશે. મારા સાથેની સંબંધિત કંપની પર રેડ પાડી તે બાબતે મારે કશું કહેવું નથી. કારણ કે હું પણ એક નાગરિક છું. ફક્ત એક વાત ખરાબ લાગી છે. મારી કોલ્હાપુરની એક બહેન અને પુણેમાં રહેતી બે એમ ત્રણ બહેન છે. તેઓના લગ્ન ૩૫ થી ૪૦ વર્ષ પહેલા લગ્ન થયા છે. અને તેઓને સંસાર શરૂ છે. તેના પર કાર્યવાહી શરૂ છે. તો પછી આની પાછળ શું કારણ હું સમજી શક્યો નથી, એમ અજીત પવારે જણાવ્યું હતું. મારી બહેનોનો વ્યવસ્થિતપણે પોતાનું જીવન જીવે છે. તેમના છોકરા-છોકરી પરિણીત છે. તેમના પૌત્રો છે. તેમને અજિત પવારના સંબંધી તરીકે જોવામાં આવે છે. તો રાજ્યની જનતાએ વિચારવું જોઈએ કે કઈ સ્તરે વિવિધ સંસ્થાઓનો ઉપયોગ થઈ રહ્યો છે, એમ અજિત પવારે જણાવ્યું હતું.

## કોલસો અને ગેસ ઉદ્યોગો અને ઊર્જા ક્ષેત્રની હાલત કફોડી કરશે કે શું....?

ચીનને આર્થિક રીતે કે અન્ય પ્રકારનો કોઈ ફટકો પડે એટલે સરકારનો ચહેરો ખુશખુશાલ થઈ જાય છે. ચીનમાં છેલ્લાં દસેક દિવસમાં ઉર્જા તંગી સર્જાતા ત્યાંના વિવિધ પ્રકારના ઉત્પાદનો કરતા હજારો કારખાના બંધ થઈ ગયા છે. પરિણામે તમામ પ્રકારના ઉત્પાદનો અટકી ગયા છે અને આમ થવાનું કારણ છે તેના કોલસા આધારિત વીજ એકમોને કોલસો ન મળતા વીજ ઉત્પાદન ઘટાડી દીધું અને માત્ર માનવ વસાહતોને વીજળી આપવાનું ચાલુ રાખ્યું... પરંતુ ઉદ્યોગોને નહીં. બીજી તરફ સૌથી વધુ કોલસાનું ઉત્પાદન ધરાવતા અને સસ્તા ભાવે કોલસો પૂરો પાડતા ઈન્ડોનેશિયા પાસેથી ચીને ડબલ કિંમતે કોલસો ખરીદી પોતાના ઉદ્યોગને જરૂરી વીજળી મળી રહે તે માટે વ્યવસ્થા કરી દીધી. જ્યારે કે ચીન આ પહેલા ઓસ્ટ્રેલિયા પાસેથી કોલસો ખરીદતું હતું.... પરંતુ બંને દેશો વચ્ચે રાજકીય મડાગાંઠ સર્જાતા ઓસ્ટ્રેલિયાએ ચીનને કોલસો આપવાનું બંધ કરી દીધું છે. ભારતમાં કોલસા આધારિત અનેક ઉદ્યોગો છે અને ભારત ઈન્ડોનેશિયા પાસેથી કોલસો ખરીદતું હતુ. હવે ઈન્ડોનેશિયાએ કોલસાની કિંમત વધારી દેતા કોલસા આધારિત ઉદ્યોગોને મોટો ફટકો પડ્યો છે. જેમાં રાજ્યના કોલસા આધારિત પાવર પ્લાન્ટોને મોટી અસર થઈ અને કોલસો ખતમ થતાં સાત જેવા પાવર પ્લાન્ટ બંધ કરવા પડયા છે. બીજી તરફ ગેસની અછત સર્જાતા ગેસ આધારિત ઉદ્યોગો તેમજ પાવર પ્લાન્ટને પણ મોટો ખર્ચ આવવા લાગતા તેમને પરવડતું નથી. આ બંને બાબતોને લઈને ગુજરાતમાં અનેક ઉદ્યોગોની હાલત બગડી શકે તેવી સ્થિતિ બની ગઈ છે. જેમાં તેની મોટી અસર અંકલેશ્વર સહિત જે તે શહેરોમાં કાર્યરત ડાઈગ મીલો પર થવા પામી છે. જેમાં અંકલેશ્વરમા મીલો બંધ કરવા ફરજ પડી છે. જે કારણે મીલમા કામ કરતા કામદારો બેકાર થઈ ગયા છે. જો આવી સ્થિતિ લાંબો સમય બની રહેશે તો રાજ્યમાં અનેક કારખાનાઓ બંધ થઈ જવાની સંભાવના વધી પડી છે. તે સાથે બેકાર થનારાઓની સંખ્યા વધી જશે તેમાં શંકાને સ્થાન નથી.

જો કે રાજ્ય સરકાર સ્ટેગરીગ દાખલ કરી ઉદ્યોગો ચાલુ રહે તેવું આયોજન કરી રહી છે. તે સાથે બીજી તરફ કોલસો પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટેના પ્રયાસો શરૂ કરી દીધા છે....!

ભારત ઈન્ડોનેશિયાથી કોલસાની આયાત કરતું રહ્યું છે. જ્યારે કે ચીન ઓસ્ટ્રેલિયાથી કોલસાની આયાત કરતું હતું.... પરંતુ આ બંને દેશો વચ્ચે રાજકીય મડાગાંઠ સર્જાતા ઓસ્ટ્રેલિયાએ ચીનને કોલસા સપ્લાય બંધ કરી દીધી છે જેની ચીનમાં ભારે મોટી અસર થવા પામી છે. બીજી તરફ ચીનની એક જાયન્ટ રીયલ એસ્ટેટ કંપની દેવામાં ડૂબતા વિશ્વ સ્તરે સુધી ચીનને મોટો આર્થિક ફટકો પડયો છે. પરિણામે ચીનમાં આર્થિક કટોકટી સર્જાઈ ગઈ છે એટલે ચીનની હાલત બેહદ કફોડી બની છે. જેમાંથી ઉગરવા? ચીને ઈન્ડોનેશિયા દ્વારા ભારતને અપાતો કોલસો ડબલ કિંમતે ખરીદવાનું શરૂ કરી દીધું અને ચીનમાં સર્જાયેલી કટોકટી હળવી કરવાનો પ્રયાસ કર્યો. જ્યારે કે ભારતમાં આવતો ઈન્ડોનેશિયાનો કોલસો કિંમતમાં મોંઘો પડવા લાગતાં તેની પ્રથમ વર્ષે ઊર્જા ઉત્પાદન કંપનીઓ અને ડાઈંગ મિલો સહિત કોલસા વાપરતા ઉદ્યોગોને થવા પામી છે..... ત્યારે ભારતે હવે ઓસ્ટ્રેલિયા પાસેથી કે અન્ય દેશો પાસેથી કોલસો મેળવવા પ્રયાસો કરવા પડશે.... નહીં તો મોંઘવારીના ચક્કરમાં પીસાતી પ્રજાને માટે બેરોજગારીનો પ્રશ્ન પણ ઉભો થઈ શકે તેવી સંભાવના વધવા પામી છે....!

# દાહોદમાં સનરાઈઝ સ્કુલનું લોકાર્પણ પ્રદેશ ભાજપા અદ્યક્ષના હસ્તે સંપન્ન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદમાં સનરાઈઝ પબલિક સ્કૂલના લોકાર્પણ પ્રસંગે ભાજપાના પ્રદેશ અદ્યક્ષ દાહોદ આવ્યા હતા. આ પ્રસંગે તેઓએ પ્રધાનમંત્રીના ભરપેટ વખાણ કર્યા તેમજ આદિવાસી વિસ્તારોમાં વિકાસની કેડી કંડારવા કટીબધ્ધતા દર્શાવી. તેની સાથે વિધાનસભાની ચૂંટણીમાં તમામ બેઠકો પર વિજય પતાકા લહેરાવવા આહવાન કર્યું હતું.

સનરાઈઝ પબલિક સ્કૂલ દાહોદના નવનિર્મિત અદ્યતન ભવનનું ઉદઘાટન તારીખ ૮ ઓક્ટોબરના રોજ ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષ અને નવસારીના સાંસદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેઓએ આદિવાસી વિસ્તારમાં શિક્ષણની ભૂખ સંતોષવા આવી શાળાઓ સક્ષમ પુરવાર થશે તેમ જણાવ્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને યાદ કરીને તેઓએ દેશમાં કેટલી એકલવ્ય શાળાઓ કાર્યરત હોવાનો ઉલ્લેખ કર્યો હતો. દાહોદ પંચમહાલ અને મહિસાગરના આદિવાસી ધારાસભ્યોને વગર માંગે પ્રતિનિધિ આપ્યાનું જણાવી તેમણે કહ્યું હતું કે, પ્રજા અને મતદારો ભાજપના જ છે. હવે બીજાને કોઈને સ્વીકારવા તૈયાર નથી અને કોંગ્રેસના ડબ્બા ગુલ થઈ જાય છે. ગાંધીનગરના પ્રચંડ વિજયને પણ તેઓએ યાદ કરી ભાજપના કાર્યકર્તાની તાકાતને બિરદાવી હતી. અને પ્રજા નરેન્દ્ર મોદીને જોઈને જ મત આપે છે. ત્યારે આવનારી ચૂંટણીમાં દાહોદ જિલ્લાની તમામ બેઠકો પર વિજય મેળવવા તેમને હુંકાર કર્યો હતો. સનરાઈઝ સ્કુલનું લોકાર્પણ તેઓની વ્યસ્તતાને કારણે પાછો ઠેલાયો હોવાનું તેમણે સ્વીકારી કહ્યું હતું કે, શાળાના ટ્રસ્ટી અને જિલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્ર સોનીના આગ્રહને હું ટાળી શક્યો નથી અને મારે તેના માટે સમય કાઢવો પડ્યો છે. નવી ગુજરાત સરકાર અને મુખ્યમંત્રીના પ્રજાલક્ષી નિર્ણયોની પણ તેમણે જાણકારી આપી ભવિષ્યમાં પણ આવા પગલાં લેવાશે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે મંત્રીઓ કુબેરભાઈ ડીંડોર, નિમિષાબેન સુથાર, દંડક રમેશભાઈ કટારા, સાંસદ જશવંતસિંહ ભાભોર, ધારાસભ્ય બચુભાઈ ખાબડ, શૈલેષભાઈ ભાભોર, જિલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ આંબલીયા તેમજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓ વિદ્યાર્થીઓને ભાજપના કાર્યકર્તાઓ ઉમટી પડ્યા હતા.

# દેવગઢ બારીયાના સાગટાળા ખાતે વન્યપ્રાણી સપ્તાહ અંતર્ગત કાર્યક્રમ યોજાયો


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દેવગઢ બારીયાના સાગટાળા તળાવ પાસે આવેલા વનવિભાગના રેસ્ટ હાઉસ કમ્પાઉન્ડ ખાતે વન્યપ્રાણી સપ્તાહની ઉજવણીમાં પૂર્વમંત્રી અને ધારાસભ્ય બચુભાઇ ખાબડ સહભાગી બન્યા હતા. ધારાસભ્ય બચુભાઈ ખાબડ દ્વારા વન્યપ્રાણી વળતરના ચેકોનું વિતરણ કરાયું હતું અને બારીયા વનવિભાગના પ્રસંશનીય કામગીરી કરનાર અધિકારી–કર્મચારીને મેડલ તેમજ પ્રશસ્તિપત્રથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ધારાસભ્ય ખાબડે વનો અને વન્યપ્રાણીઓના સંરક્ષણ તથા સંવર્ધન માટે ગામલોકોને અપીલ કરી હતી. તેમજ આપણા અમૂલ્ય રતનમહાલ અભ્યારણ, સાગટાળા, બારીયા, ધાનપુર, જંગલ વિસ્તારમાં વન્યપ્રાણીઓ જેવા કે દિપડા, રીછ, ઝરખ વગેરેની વસ્તીમાં થયેલ વધારા બદલ વનવિભાગના અધિકારીઓ કર્મચારીઓની કામગીરીની પ્રશંસા કરી હતી. તેમજ દાહોદ જિલ્લામાં સાગટલા ખાતે તળાવ પાસે ઈકો ટુરિઝમ વિકસાવવા પાંચ કારોડ જેટલી માતબાર રકમ ફાળવવામાં આવી હોવાની વાત જણાવી હતી. વધુમાં વિવિધ દાહોદ જિલ્લાની ઈકો ટુરિઝમ સાઈટ દ્વારા સ્થાનિક રોજગારીને પણ વેગ મળશે તેમ તેમણે ઉમેર્યું હતું.

નાયબ વન સંરક્ષક આર.એમ પરમાર દ્વારા દિપડા, રીંછ, સાપ જેવા સરી સૃપો વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. તેમજ સામાજીક વાનીકરણ વિભાગની વિવિધ ખેડુતલક્ષી યોજનાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

વન સંરક્ષક પ્રશાંત તોમર, દ્વારા લોકોને વન્યપ્રાણી તથા વનોના સંરક્ષણ, ઉછેર અને સંવર્ધન હેતુ જુદા જુદા ઉદાહરણો દ્વારા ખૂબ ઉંડાણ સમજ આપવામાં આવી હતી. તાલુકા પ્રમુખ, પૂર્વ તાલુકા પ્રમુખ દ્વારા દાહોદ જિલ્લામાં રહેલા વનસંપદાના સંરક્ષણ અને સંવર્ધન હેતુ ખૂબ સરસ સમજણ આપવામાં આવેલ હતી. આ વેળાએ બારીયા તાલુકામાં ૧૫૦૦ જેટલી સોલાર ફાનસોનું વિતરણ કરવામાં આવેલ હતું. જેમાં તાલુકા પ્રમુખ બારીયા, તાલુકા સભ્ય, જિલ્લા સભ્ય, સરપંચઓ, તથા આગેવાનો, પદાધિકારીઓ હાજર રહ્યા.

# દાહોદમાં ભાજપ અધ્યક્ષના કાર્યક્રમમાં આદિવાસી પરિવાર દ્વારા નિમિષાબેનના આદિજાતિના પ્રમાણપત્રનો વિરોધ કર્યો



દાહોદ,

દાહોદ શહેરમાં ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષ સી.આ. પાટીલનો કાર્યક્રમ હતો. આ કાર્યક્રમમાં ખોટા આદિવાસી હોવાના પ્રમાણપત્રને લઈ નીમીષાબેન સુથારના વિરોધમાં આદિવાસી પરિવાર બી.ટી.પી, બી.ટી.ટી.એસ. ના કાર્યકર્તાઓએ કાર્યક્રમમાં વિરોધ નોંધાવતાં ઘણા કાર્યકર્તાઓને પોલીસ દ્વારા ડીટેઈન કરવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

ખોટા આદિવાસી હોવાન પ્રમાણપત્રને લઈ નિમીષાબેન સુથારના વિરોધમાં દાહોદ, પંચમહાલ, મહિસાગર સહિત ઠેર ઠેર આદિવાસી સમાજ, પરિવાર અને સંગઠનો દ્વારા ઘણા લાંબા સમયથી ભારે વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે ત્યારે આજરોજ દાહોદ જિલ્લાના મુખ્ય મથક એવા દાહોદ શહેરમાં ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષ સી.આર. પાટીલનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આદિવાસી પરિવાર બી.ટી.પી, બી.ટી.ટી.એસ.ના કાર્યકર્તાઓ આ કાર્યક્રમમાં પહોંચ્યાં હતાં અને જ્યાં નિમીષાબેન સુથારના ભારે વિરોધ કરવામાં આવ્યો હતો. વિરોધને પગલે કાર્યક્રમમાંથી આદિવાસી પરિવાર બી.ટી.પી., બી.ટી.ટી.એસ. ના કેટલાંક કાર્યકર્તાઓની પોલીસ દ્વારા ડીટેઈન કરવામાં આવ્યાં હતાં. વિરોધના પગલે એકક્ષણે સી.આર. પાટીલના કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ કોઈમાં સોપો પડી જવા પામ્યો હતો.

# દાહોદના કઠલા ગામે બાઈક ઉપર પસાર થતાં દંપતિ પૈકી મહિલાના ગળા માંથી અછોડાની લુંટ કરતાં ચકચાર

દાહોદ,

દાહોદ તાલુકાના કઠલા ગામેથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલ એક દંપતિ પૈકી મહિલાના ગળામાંથી મોટરસાઈકલ પર સવાર થઈ આવેલ અજાણ્યા ચોર ઈસમોએ સોનાની ચેઈન કિંમત રૂા.૬૫,૦૦૦ની ચોરી કરી લઈ નાસી જતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. ગત તા.૦૬ ઓક્ટોબરના રોજ દાહોદ તાલુકાના ટાંડા ગામે ગામતળ ફળિયામાં રહેતાં છત્રસિંહ કેસરસિંહ પડવાલ અને તેમની પત્નિ કનુબેન છત્રસિંહ પડવાલ એમ બંન્ને જણા પોતાના કબજાની મોટરસાઈકલ પર સવાર થઈ બપોરના સાડા બારેક વાગ્યાના સમયગાળા દરમ્યાન કઠલા ગામે આશ્રમ રોડ તરફથી પસાર થઈ રહ્યાં હતાં. ત્યારે ત્યાં મોટરસાઈકલ પર સવાર થઈ આવેલ અજાણ્યા ચોર ઈસમોએ કનુબેને ગળામાં પહેરે સોનાની ચેઈન કિંમત રૂા.૬૫,૦૦૦ની જોરથી ઝાટકો મારી ખેંચી લઈ ચોરી કરી ફરાર થઈ જતાં દંપતિએ બુમાબુમ કરી મુકી હતી, પરંતુ ચોર ઈસમો પકડાય તે પહેલા નાશી જવામાં સફળ રહ્યાં હતાં. આ સંબંધે કતવારા પોલીસ મથકે છત્રસિંહ કેસરસિંહ પડવાલે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ ટુર એન્ડ ટ્રાવેલ્સની ઓફિસમાં રેલ્વે અપરાધ શાખાએ રેઈડ કરી ૬૫ ટીકિટો સાથે ધરપકડ કરી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં યાદગાર ચોક ખાતે આવેલ એક ટુર એન્ડ ટ્રાવેલ્સની દુકાનમાં અવૈદ્ય રીતે રેલ્વેની ટીકીટનું વેચાણ થતું હોવાની માહિતી અપરાધ શાખા રતલામ, રેલ્વે મંડળ અને દાહોદ રેલ્વે વિભાગના સંબંધિતોને થતાં સંયુક્ત ઓપરેશનમાં દુકાનમાં ટીમે ઓચિંતો છાપો મારતાં ટુર એન્ડ ટ્રાવેલ્સના સંચાલકને રેલ્વે વિભાગ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો અને તેની પાસેથી અવૈદ્ય ૬૫ ટીકીટો મળી આવી હતી. પોલીસે તાત્કાલિક તેની ધરપકડ કરી કોર્ટમાં હાજર કરવાની તજવીજ હાથ ધરી છે.

મળતી પ્રાપ્ત વિગતો અનુસાર, ૧૫ દિવસ સુધી સમગ્ર ભારત દેશમાં રેલ્વે સુરક્ષા બળ દ્વારા સ્પેશીયલ ડ્રાઈવ ચાલી રહ્યું છે. જેમાં અવૈદ્ય રેલ્વે ટીકીટનું વેચાણ કરતાં વિગેરે તત્વો ઉપર રેલ્વે વિભાગ દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. ત્યારે આ ડ્રાઈવના ભાગરૂપે દાહોદ શહેરમાં પણ રેલ્વે સુરક્ષા બળ દ્વારા સમગ્ર દાહોદ શહેરમાં ટીમને તપાસ અર્થે રવાના કરી દેવામાં આવી છે. ત્યારે ગતરોજ દાહોદ રેલ્વે વિભાગને મળેલ બાતમીના આધારે દાહોદ શહેરમાં આવેલ યાદગાર ચોક સ્થિત યાદગાર ટુર એન્ડ ટ્રાવેલ્સ નામની દુકાન છે. ત્યાં રેલ્વેની અવૈદ્ય ટીકીટોનું વેચાણ અને વ્યાપાર થઈ રહ્યો છે. બાતમી મળતાંની સાથેજ અપરાધ શાખા રતલામ અને દાહોદ રેલ્વે સ્ટેશનના સત્તાધિશો દ્વારા જોઈન્ટ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશન દરમ્યાન આ યાદગાર ટુર એન્ડ ટ્રાવેલ્સની દુકાનમાં ઓચિંતો છાપો મારતાં આ દુકાનના સંચાલક અલીઅસગર અલીહુસેન નીમચવાલાને ઝડપી પાડવામાં આવ્યો અને દુકાનની તલાસી લેવામાં આવી હતી. સંચાલક દ્વારા અવૈદ્ય રીતે ૧૨ પર્સનલ આડી બનાવવામાં આવી હતી. આ ૧૨ પર્નલ આડીથી આ સંચાલક દ્વારા અલગ અલગ લોકોની અલગ અલગ જગ્યાએથી આવવા જવાની અલગ અલગ ટ્રેનોની કુલ ૬૫ ટીકીટો અવૈદ્ય રીતે કાઢવામાં આવી હતી. ઉપરોક્ત ટુર એન્ડ ટ્રાવેલ્સના સંચાલકની રેલ્વે સુરક્ષા દળ, દાહોદ દ્વારા અટકાયત કરી તેને દાહોદ રેલ્વે પોલીસ મથકે લાવવામાં આવ્યો હતો. જ્યાં તેની વિરૂધ્ધ ગુનો દાખલ કરી ત્યાર બાદ તેને રેલ્વે કોર્ટ ગોધરામાં રજુ કરવામાં આવશે અને કાર્યવાહી કરવામાં આવનાર છે.

# દાહોદ સ્ટેશન રોડ ખાતે હીટ એન્ડ રનની ઘટનામાં ફુટપાથ ઉપર ઉંઘતા ભિક્ષુક પરિવારને અડફેટમાં બાળકીને ઈજાઓ

દાહોદ,

દાહોદના રેલ્વે સ્ટેશન રોડ ખાતે હીટ એન્ડ રન કેસની ઘટના બનવા પામી છે. જેમાં રાત્રીના સમયે ફુટપાટ પર મીઠી નિંદર માણી રહેલ એક ભીક્ષુક પરિવારને એક ફોર વ્હીલર ગાડીના ચાલકે અડફેટમાં લઈ ગાડી ચઢાવી દેતાં દંપતિ પૈકી તેમની નાની બાળકીને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં દાહોદની સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

દાહોદ શહેરના રેલ્વે સ્ટેશન ખાતે ગતરોજ મોડી રાત્રીએ હીટ એન્ડ રનની ઘટના બનવા પામી હતી. જેમાં કાર ચાલકે નાની બાળકી બાળકીની સાથે તેના માતા – પિતાને લેતાં તેમને દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે ૧૦૮ મારફતે સારવાર અર્થે મોકલી આપ્યા હતાં. રાત્રી દરમ્યાન દાહોદ શહેરના રેલ્વે સ્ટેશન ખાતે એક કાર ચાલક જેનો નંબર છે જી.જે.૨૦ એન. ૮૨૮૯ નંબરની કારનો ચાલક પુરપાટ રીતે હંકારી જઈ રહ્યો હતો. તે સમયે ફુથપાટ ઉપર ભિક્ષુકનો પરિવાર મીઠી નીંદર માણી રહ્યો હતો. તેવા સમયે હીટ એન્ડ રનની ઘટનામાં નાની બાળકી બાળકીની માતા અને પિતાને અડફેટે લેતાં બાળકીને હાથમાં અને બાળકીની માતાને શરીરે તેમજ પિતાને હાથમાં ઈજાઓ થવા પામી હતી. શરીરના તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવ્યાં હતાં. જાણવા મળ્યાં અનુસાર, અકસ્માત થતાંજ કાર ચાલક કાર છોડી નાસી જવામાં સફળ રહ્યો હતો અને તે બાદ સ્થાનિકોએ દાહોદ રેલ્વે પોલીસની જાણકારી આપતાં રેલ્વે પોલીસ ઘટના સ્થળે દોડી આવી કારને કબજે કરવામાં આવી હતી. આ સમગ્ર મામલે પોલીસે દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરવામાં આવી રહી છે. આ માર્ગ અકસ્માતમાં કોઈ જાનહાની ન થતાં લોકોએ રાહત નોશ્વાસ લીધો હતો ત્યારે હાલ તો એ જોવાનું રહ્યું કે, ભિક્ષુક પરિવાર ને ન્યાય મળશે કે કેમ?

# દે.બારીયા ભથવાડા ટોલનાકા પાસે બોલેરો ગાડીમાં ૧.૪૪ લાખના દારૂ સાથે બે ઈસમો ઝડપ્યા

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ટોલનાકા પાસેથી એલ.સી.બી. પોલીસે એક એમ્બ્લ્યુલંશ બોલેરો ગાડીમાં વિદેશી દારૂની હેરાફેરી કરતાં બે ઈસમોને ઝડપી પાડી એમ્બ્યુલન્સ બોલેરો ગાડીમાંથી વિદેશી દારૂનો કુલ રૂા.૧,૪૪,૦૦૦/–ના જથ્થા સાથે મોબાઈલ ફોન તેમજ ગાડીની કિંમત વિગેરે મળી કુલ રૂા. ૪,૪૬,૦૦૦/–નો મુદ્દામાલ કબજે કર્યાંનું જાણવા મળે છે. એમ્બ્યુલન્સ જેવા વાહનોમાં પણ હવે વિદેશી દારૂની હેરાફેરી થતાં ચકચાર મચી જવા પામી છે. બુટલેગરો તેમજ વિદેશી દારૂની ખેપ મારતાં તત્વોએ નવો કરતબ અજમાવ્યો હોય તેમ લાગી રહ્યું છે. અગાઉ ટ્રેક્ટરની ટ્રોલીઓમાં પણ વિદેશી દારૂ લઈ જવાતો હોવાનું સામે આવ્યું હતું. ત્યારે બુટલેગરો નવી નવી તરકીબો અપનાવી ગાંધીના ગુજરાતમાં વિદેશી દારૂ ઘુસાડવાનો પ્રયત્નો કરી રહ્યાં છે.

દેવગઢ બારીઆના ભથવાડા ટોલનાકા પાસેથી રાજસ્થાન રાજ્યમાં રહેતાં ગાવિંદભાઈ તેરાભાઈ ડામોર અને અજયભાઈ બસીલાલ ડામોર આ બંન્ને જણા પોતાના કબજાની એમ્બ્યુલન્સ બોલેરો ગાડી પાસિંગ રાજસ્થાનમાં ગેરકાયદેસર રીતે ગાડીમાં વિદેશી દારૂ ભરી હેરાફેરી કરતાં હોવાની બાતમી એલ.સી.બી. પોલીસને મળી હતી. આ બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે ભથવાડા ટોલનાકા પાસે વોચ ગોઠવી ઉભી હતી અને આ ગાડી પસાર થતાંની સાથે પોલીસે તેને ચારેય તરફથી ઘેરી લીધી હતી અને એમ્બ્યુલન્સ ગાડીમાં તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની પેટીઓ નંગ. ૪૦ જેમાં બોટલો નંગ. કુલ ૧૫૬૦ કિંમત રૂા.૧,૪૪,૦૦૦/–ના પ્રોહીના જથ્થા સાથે ઉપરોક્ત ઝડપાયેલ બંન્ને ઈસમો પાસેથી મોબાઈલ ફોન તેમજ ગાડીની કિંમત મળી કુલ રૂા.૪,૪૬,૦૦૦/–નો મુદ્દામાલ પોલીસે કબજે કરી આ સંબંધે પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદમાં અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ સેન્ટર વિષય પર એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો



દાહોદ,

ગુજરાત રાજયના તમામ જીલ્લામાં અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ સેન્ટર અંતર્ગત એક દિવસીય તાલીમનું આયોજન કરવામા આવ્યું હતું. જે અંતર્ગત દાહોદ જીલ્લાના શહેરીજનોને કિચન ગાર્ડન, બાલ્કની ગાર્ડન, ફળ શાકભાજી પરીરક્ષણ જેવા વિષય ઉપર એક દિવસીય તાલીમનું આયોજન આત્મા પ્રોજેક્ટ–દાહોદના સહકારથી ખેડૂત તાલીમ કેન્દ્ર, આત્મા પ્રોજેક્ટ દાહોદ ખાતે કરવામાં આવ્યું હતું. તાલીમ કાર્યાક્રમની શરૂઆત ઓનલાઈન માધ્યમથી બાગાયત ખાતું, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં આ તાલીમ કાર્યક્રમની યોજનાને ખુલ્લી મૂકી કરાઈ હતી.

આ તાલીમમાં ૬૧ તાલીમાર્થીઓ ભાગ લીધો હતો. તાલીમ કાર્યક્રમના અદયક્ષ દિલીપસિંહ ચૌહાણ, મેનેજર રામ કો.ઓ. બેંક દાહોદ દ્વારા તાલીમાર્થીઓને પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું. તાલીમ દરમ્યાન બાગાયતી વિષય નિષ્ણાંત કે. વી. કે, દાહોદ ડો એચ. એલ. કાચા દ્વારા કિચન ગાર્ડન વિષય પર વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. એચ.બી.પારેખ નાયબ બાગાયત નિયામક દ્વારા તાલીમાર્થીઓને શહેરી બાગાયત વિકાસ યોજનાનું મહત્વ અને ફળ અને શાકભાજી પાકોમાં પરિરક્ષણનાં મહત્વ વિષે વિસ્તૃત માહિતી અપાઈ હતી.

તાલીમ કાર્યક્રમનું સંચાલન એન.કે.પટેલ બાગાયત અધિકારી, દાહોદ અને બી.એ.પરમાર બાગાયત અધિકારી, દાહોદ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમમાં જીલ્લા ખેતીવાડી અધીકારી જે.બી.સુથાર, નાયબ ખેતિ નિયામક (વિસ્તરણ) સી.એમ.પટેલ, જે. એ. પટેલ નાયબ ખેતિ નિયામક (તાલીમ), યુ. જી. પટેલ, મદદનીશ ખેતી નિયામક નીલેશભાઈ પટેલ, મદદનીશ ખેતી નિયામક સહીતના અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ઝાલોદમાં સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટના ઉદ્ઘાટનમાં મંત્રીના સંબોધન દરમિયાન લાઈટ ડુલ થતાં દોડધામ

ઝાલોદ,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરાંચલથી દેશભરમાં પી.એમ.કેર્સ ફંડમાંથી નવનિર્મિત ઓક્સિજન પ્લાન્ટનુ ઈ–લોકાર્પણ કર્યુ હતુ. આ નિમિત્તે ઝાલોદની સબ ડિસ્ટ્રિકટ હોસ્પિટલ ખાતેના નવનિર્મિત ઓક્સિજન પ્લાન્ટનુ પણ તેમની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. રાજ્યમંત્રી જીતુભાઈ ચૌધરી હાજર રહી પ્લાન્ટના લોકાર્પણ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. જો કે કાર્યક્રમ વખતે જ વીજળી ડુલ થતાં સંબોધન માટે ઉભા થયેલા મંત્રીને ૧૫ મિનીટ રાહ જોવી પડી હતી. આ ઘટનાને લઈને અધિકારીઓમાં પણ દોધડામ મચી ગઈ હતી. શોર્ટસર્કિટ થવાને કારણે કાર્યક્રમ દરમિયાન ત્રણવાર લાઈટ ગઈ હતી. લાઈટ આવતા જીતુ ચૌધરીએ ઉપસ્થિતોને જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશના ૭૩૬ જિલ્લાઓના ૧૧૦૦ સ્થળોએ ઓક્સિજન પ્લાન્ટનુ લોકાર્પણ કરી રહ્યા છે ત્યારે ગુજરાતમાં પણ ૧૮ સ્થળોએ લોકાર્પણ થઈ રહ્યુ છે.

# રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવથી ખેતજણસોની ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરાશે

દાહોદ,

રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવથી ખેતજણસોની ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરવામાં આવશે.દાહોદ જિલ્લાના ખેડૂતોએ આ માટે નિયત સમયમર્યાદામાં નોંધણી કરાવાની રહશે. જે અંતર્ગત ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૧–૨૨માં રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે મગફળી, ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી.દાહોદ મારફતે કરવામાં આવશે.

ભારત સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવ નીચે મુજબ જાહેર કરાયા છે. જે મુજબ મગફળી પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવ રૂ. ૫૫૫૦ અને પ્રતિ મણ રૂ. ૧૧૧૦ રહેશે. ડાંગર કોમન પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવ રૂ. ૧૯૪૦ અને પ્રતિ મણ રૂ. ૩૮૮ રહેશે. ડાંગર એ ગ્રેડ પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવ રૂ. ૧૯૬૦ અને પ્રતિ મણ રૂ.૩૯૨ રહેશે. મકાઇ પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવ રૂ.૧૮૭૦ અને પ્રતિ મણ રૂ. ૩૭૪ રહેશે. બાજરી પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવ રૂ.૨૨૫૦ અને પ્રતિ મણ રૂ.૪૫૦ રહેશે.

લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોએ નીચે મુજબના સમયગાળામાં ફરજીયાત ઓન લાઇન નોંધણી કરાવવાની રહેશે. જે મુજબ મગફળી માટે તા. ૧–૧૦–૨૦૨૧ થી તા. ૩૧–૧૦–૨૦૨૧ તેમજ ડાંગર, મકાઈ અને બાજરી માટે તા. ૧–૧૦–૨૦૨૧ થી ૧૬–૧૦–૨૦૨૧ સુધી નોંધણીનો સમયગાળો રહેશે. જેમાં વીસીઈ દ્વારા ગ્રામ્ય અને એપીએમસી દ્વારા તાલુકા કક્ષાએ નોંધણી થશે.

આ ઉપરાંત આધાર કાર્ડની નકલ, ગામનો નમુનો ૭–૧૨ તથા ૮–અ ની અદ્યતન નકલ, ગામ નમુના ૧૨ માં પાક વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, પાસબુકના પ્રથમ પાનાની નકલ અથવા કેન્સલ ચેક. નોંધણી કરાવતી વખતે તમામ ડોક્યુમેન્ટ સુવાચ્ય રીતે અપલોડ થાય માંગ્ય મુજબના જ અપલોડ થાય તેની નોંધણી સ્થળ/કાઉન્ટર છોડતા પહેલા ખાસ કાળજી રાખવાની રહેશે.

ડોક્યુમેન્ટસની ચકાસણી દરમ્યાન જો ભળતા ડોક્યુમેન્ટસ કે ખોટા ડોક્યુમેન્ટસ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તો ક્રમ રદ થશે અને ખરીદી માટે જાણ કરવામાં નહી આવે. નોંધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઇન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે. ખેડૂતોએ નોંધણી માટે વીસીઇ ને કોઈ રકમ ચુકવવાની રહેતી નથી. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડની દાહોદ કચેરીનાં નાયબ જિલ્લા મેનેજરએ એક યાદીમાં ઉક્ત માહિતી આપી છે.

# તા. ૨૭ અને ૨૮ ઓક્ટોબરે અનુક્રમે તાલુકા અને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે

દાહોદ,

આગામી તા. ૨૭ ઓક્ટોબર તાલુકા સ્વાગત કાર્યક્રમ અને તા.૨૮ ઓક્ટોબરનાં રોજ સવારે ૧૧ કલાકથી જિલ્લા સ્વાગત કાર્યક્રમ કલેક્ટરનાં અધ્યક્ષ સ્થાને યોજાશે. અરજદારે આ માટે તા.૧૦ ઓક્ટોબર સુધીમાં અરજી કરવાની રહેશે. તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ભાગ લેવા માટે અરજદારએ પોતાના વ્યક્તિગત કે અંગત પ્રશ્ન ટાઈપ કરેલી અરજી ફોન નંબર તથા સંપૂર્ણ સરનામા સાથેની અરજી એક જ પ્રશ્ન સંબધિત અમલીકરણ અધિકારીને ઓછામાં ઓછી ત્રણ વાર કરેલી અરજીની નકલ સાથે સંબધિત મામલતદારની કચેરીને તાલુકા સ્વાગત કાર્યક્રમ એમ અરજીનાં મથાળે લખી અરજી તા. ૧૦ ઓક્ટોબર સુધીમાં મોકલી આપવાની રહેશે. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં ભાગ લેવા માટે અરજદારએ પોતાના વ્યક્તિગત અંગત પ્રશ્ન ટાઈપ કરેલી અરજી ફોન નંબર અને સંપૂર્ણ સરનામા સાથે એક અરજીમાં એક જ પ્રશ્ન સાથે સંબધિત અમલીકરણ અધિકારીને ત્રણ નકલ સાથે જિલ્લા સ્વાગત કાર્યક્રમ મથાળા સાથે અરજી તા. ૧૦ ઓક્ટોબર સુધીમાં મોકલી આપવાની રહેશે. નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોરે એક યાદીમાં જણાવ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.41

